# બાળ વિકાસ નિષ્ણાત

બાળ વિકાસ નિષ્ણાંત વિવિધ વિકાસલક્ષી અને મનોવૈજ્ઞાનિક વ્યાધિઓથી પીડાતા બાળકોની લાક્ષણિકતાઓ, લક્ષણો અને પેટર્નને ઓળખવામાં નિષ્ણાત છે. તેઓ બાળકોની શૈક્ષણિક જરૂરિયાતો અને મુદ્દાઓનું મૂલ્યાંકન કરે છે. તેઓ બાળકના માતા-પિતા અને શિક્ષકોને તે મુજબ સલાહ આપે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે અન્યોના આરોગ્યમાં સુધાર કરવાની તીવ્ર ઈચ્છા ધરાવો છો
- તમે બાળકો સાથે સહજ રીતે કામ કરી શકો છો
- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨,૪૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. પ્રારંભિક બાળ શિક્ષણ / બાળ વિકાસ/બાળ મનોવિજ્ઞાનમાં સ્નાતક (BA)ની ડિગ્રી પૂર્ણ કરો. ત્યારબાદ, બાળ વિકાસ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી મેળવો. **અથવા**

પ્રારંભિક બાળ શિક્ષણ/બાળ વિકાસ/બાળ મનોવિજ્ઞાનમાં સ્નાતક (BA)ની ડિગ્રી પૂર્ણ કરો. ત્યારબાદ, બાળ વિકાસ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ સંબંધિત વિષયમાં Ph.D કરો. **અથવા**

પ્રારંભિક બાળ શિક્ષણમાં ડિપ્લોમા કરો ત્યારબાદ પ્રારંભિક બાળ શિક્ષણમાં પી.જી. ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

બાળ વિકાસ નિષ્ણાતનું અંદાજીત માસિક વેતન **રૂ. ૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/child-deVelopment-specialist/india/bangalore

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બાલમંદિર અથવા પ્રાથમિક શાળા, ખાનગી અથવા સરકારી એજન્સીઓ તેમજ સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, જાહેર અને ખાનગી શાળાઓ, બાળ સંભાળ કેન્દ્રો, પ્રારંભિક બાળપણને લગતા કાર્યક્રમો, બાળ સંભાળ ગૃહો, સામાજિક સેવા સંસ્થાઓ, હોસ્પિટલો, ક્લિનિક્સ, ખાનગી પ્રેક્ટિસ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારી નોકરીના સ્થળના આધારે તમે ઓફિસમાં કે બહાર કામ કરો તેવી શક્યતા છે. તમે પૂર્ણ સમય અથવા અંશકાલિક કામ કરી શકો છો. કેટલાક લોકો સાંજે અથવા સપ્તાહના અંતે કામ કરી શકે છે. તમે સામાન્ય રીતે જન્મથી ૫ વર્ષની ઉંમર સુધીના બાળકો સાથે કામ કરશો અથવા શાળાએ જવાની ઉંમરના બાળકો, કિશોરો અને તેમના પરિવારો સાથે કામ કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

પ્રોગ્રામ કોઓર્ડિનેટર → પ્રોગ્રામ સ્પેશિયાલિસ્ટ → પ્રોગ્રામ મેનેજર → આસિસ્ટન્ટ ડિરેક્ટર → એસોસિયેટ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ચાઈલ્ડ ડેવલપમેન્ટ સ્પેશ્યાલિસ્ટ, ચાઈલ્ડ લાઈફ સ્પેશ્યાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ પ્રારંભિક બાળપણની સંભાળ અને વિકાસ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સેન્ટર ફોર અર્લી ચાઈલ્ડહુડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ, આંબેડકર યુનિવર્સિટી, નવી દિલ્હી
૨. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
૩. લેડી ઈર્વિન કોલેજ, નવી દિલ્હી
૪. આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર
૫. દિલ્હી યુનિવર્સિટી, નવી દિલ્હી
૬. સેન્ટ ટેરેસા કોલેજ, કોચી
૭. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. અઝીમ પ્રેમજી યુનિવર્સિટી, બેંગલુરૂ
૨. બોમ્બે ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, મુંબઈ
૩. જયપુર નેશનલ યુનિવર્સિટી, જયપુર
૪. એમિટી યુનિવર્સિટી, નોઈડા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ડૉ. મોનિમાલિકા** ડે સ્કૂલ ઑફ એજ્યુકેશન સ્ટડીઝ (એસ.ઈ.એસ.), આંબેડકર યુનિવર્સિટી દિલ્હીમાં એસોસિયેટ પ્રોફેસર છે. તેણીએ યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડમાંથી પી.એચ.ડી.ની પદવી હાંસલ કરી છે. તે પેરેન્ટીંગ કાર્યક્રમો અને શાળા પૂર્વેના શિક્ષણ થકી, હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના નાના બાળકોના વિકાસલક્ષી પરિણામોને સુધારવા માટે ઘણા સંશોધન પ્રોજેક્ટ્સમાં સામેલ છે. તેણીએ કોલકાતામાં, 'કલકત્તા રેસ્ક્યુ' ખાતે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને શેરીઓમાં તેમના પરિવારો સાથે રહેતા ૩૦૦ બાળકો માટે ડ્રોપ ઇન સેન્ટર સ્થાપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણીએ મનોવિકાસ કેન્દ્રમાં અંશકાલિક પદ સંભાળ્યું અને નાના દિવ્યાંગ બાળકો માટે હોસ્પિટલ આધારિત કાર્યક્રમો સ્થાપવામાં મદદ કરી. *

સ્રોત:https://aud.ac.in/faculty/dr-monimalika-day

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.